અગત્યનું

ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૧૯/ ૨૮૩૫-૭૧
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦ બી, સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૦૭/૦૮/૨૦૧૯
૦૮

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
ગુજરાત રાજ્ય.

વિષય:-ધોરણ-૧૦ ના પ્રશ્નપત્ર પરિરૂપ બાબત.

સંદર્ભ:૧. અત્રેની કચેરીનો તા.૦૪/૦૨/૨૦૧૯નો પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૧૯/૭૭૪-૮૧૨.
૨. અત્રેની કચેરીનો તા.૦૪/૦૬/૨૦૧૯નો પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૧૯/૨૦૪૬-૮૦.
૩. અત્રેની કચેરીનો તા.૧૨/૦૬/૨૦૧૯નો પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૧૯/૨૦૯૭-૨૧૩૧.
૪. ગુ. મા. અને ઉ. મા. શિક્ષણ બોર્ડ ખાતે તા.૨૬/૦૭/૨૦૧૯ના રોજ મળેલ શૈક્ષણિક સમિતિમાં કરવામાં આવેલ નિર્ણય અન્વયે.

ઉપરોક્ત વિષય અન્વયે સંદર્ભ-(૧) દર્શિત અત્રેની કચેરીના પત્રથી શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦થી અમલમાં આવનાર ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા પદ્ધતિ અંગે જરૂરી વિગતો આપવામાં આવેલ હતી. સંદર્ભ-(૨) થી ધોરણ-૧૦ ના ગણિત અને વિજ્ઞાન વિષયોના પ્રશ્નપત્ર પરિરૂપ તેમજ સંદર્ભ-(૩) થી ધોરણ-૧૦ના ગુજરાતી (પ્રથમ અને દ્વિતીય ભાષા), હિન્દી (પ્રથમ અને દ્વિતીય ભાષા), અંગ્રેજી (પ્રથમ અને દ્વિતીય ભાષા), સંસ્કૃત તથા સમાજિક વિજ્ઞાન વિષયોના પ્રશ્નપત્ર પરિરૂપ અત્રેથી જાણ તથા અમલ સારું આપને મોકલવામાં આવેલ હતા.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ખાતે તા.૨૬/૦૭/૨૦૧૯ના રોજ મળેલ શૈક્ષણિક સમિતિમાં ધોરણ-૧૦ માં શાળાકક્ષાએ લેવાતી પરીક્ષાના જૂથ-૨ ના મરજિયાત વિષયોના પ્રશ્નપત્ર પરિરૂપ હાલમાં અમલ ચાલુ છે તે પ્રમાણે જ યથાવત રાખવા તેવો નિર્ણય કરવામાં આવેલ છે. જે અન્વયે ધોરણ-૧૦ ના વિષય માળખા મુજબ જૂથ-૨ ના મરજિયાત વિષયોની શાળાકક્ષાએ શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯ માં જે પ્રશ્નપત્ર પરિરૂપ મુજબ પરીક્ષા લેવામાં આવેલ છે તે જ પ્રશ્નપત્ર પરિરૂપનો અમલ ચાલુ રહેશે.

ઉક્ત વિગતો આપના તાબાની તમામ માધ્યમિક શાળાઓને જાણ તથા અમલ સારું મોકલી આપવા વિનંતી છે.

જા. નં. 10798 /
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
જિલ્લા સેવા સદન-૨, બ્લોક,
ત્રીજો માળ, અઠવાલાઈન્સ, સુરત
તા.: 13/08/2019

(બી.એન.રાજગોર)
સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

પ્રતિ,
આચાર્યશ્રીઓ,
સુરત શહેર/ગ્રામ્યની તમામ શાળાઓ
૨૧- જાણ તથા અમલ સારૂ...

જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત, જિલ્લો, સુરત.

Scanned with CamScanner